# રાજ્યમાં કોરોનાના નવા ૧૫૪૦ કેસ

## રાજ્યમાં કોરોનાથી કુલ ૧૩નાં મૃત્યુ : અત્યાર સુધીમાં કુલ ૮૦૩૩૩૮૮ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૧૯૫૩૬૫ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૩

રાજ્યમાં છેલ્લા ઘણા દિવસથી કોરોના સંક્રમિતોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૫૪૦ કેસ સામે આવ્યા છે. તો રાજ્યમાં કોરોના મહામારીને લીધે વધુ ૧૩ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૨૭ દર્દીઓ કોરોનાની સારવાર બાદ સાજા થયા છે. નવા કેસની સાથે રાજ્યમાં કુલ કેસોની સંખ્યા ૨ લાખ ૧૪ હજાર ૩૦૯ થઈ ગઈ છે. તો મૃત્યુઆંક વધીને ૪૦૩૧ થઈ ગયો છે. રાજ્યમાં કોરોનાની સારવાર બાદ અત્યાર સુધી ૧ લાખ ૯૫ હજાર ૩૬૫ દર્દીઓ સાજા થયા છે. ગુજરાતનો રિકવરી રેટ ૯૧.૧૬ ટકા છે. અમદાવાદ શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૯ દર્દીઓના મૃત્યુ થયા છે. આમ અમદાવાદમાં મૃત્યુઆંક સતત વધી રહ્યો છે. તો સુરત શહેરમાં બે લોકોના મૃત્યુ થયા છે. રાજકોટ કોર્પોરેશન અને વડોદરા કોર્પોરેશનમાં એક-એક દર્દીઓના મૃત્યુ થયા છે. આ છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૧૩ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં ૩૩૮ કેસ નોંધાયા છે. ત્યારબાદ સુરત જિલ્લામાં ૨૪૬, વડોદરા ૧૮૪, રાજકોટ ૧૪૧, મહેસાણા ૬૯, બનાસકાંઠા ૩૬, ખેડા ૩૬, દાહોદ ૨૪, જામનગર ૪૨, કચ્છ ૩૦, પાટણ ૪૨, પંચમહાલ ૨૩, નવસારી ૬, અમરેલી ૨૭, સાબરકાંઠા ૨૨, નર્મદા ૧૪, ભાવનગર ૨૦, આણંદ ૨૦, મહિસાગર ૧૬, જુનાગઢ ૨૩, અરવલ્લીમાં ૯, સુરેન્દ્રનગર ૧૫, ગીર સોમનાથમાં ૯ કેસ નોંધાયા છે. ગુજરાતમાં એક્ટિવ કેસની સંખ્યા ૧૪ હજાર ૯૧૩ છે. જેમાં ૯૬ દર્દીઓ વેન્ટિલેટર પર છે. તો અત્યાર સુધી ૧,૯૫,૩૬૫ દર્દીઓ સાજા થયા છે. જ્યારે ૪૦૩૧ દર્દીઓના મૃત્યુ થયા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૬૯૭૩૫ ટેસ્ટ કરવામાં આવ્યા છે. તો અત્યાર સુધી ૮૦૩૩૩૮૮ ટેસ્ટ થયા છે. રાજ્યમાં આજની તારીખે ૫,૩૩,૩૮૬ વ્યક્તિઓ હોમ ક્વોરેન્ટાઈન છે.



### અરવલ્લી સમાચાર ન્યુઝ ચેનલનો મહીસાગરમાં શુભઆરંભ

અરવલ્લી જિલ્લા માં ખુબ જ ટૂંકા ગાળા માં અરવલ્લી સમાચાર લોકો નો અવાજ બન્યા બાદ અરવલ્લી સમાચાર નો આજ રોજ મહીસાગર જિલ્લા માં ભવ્ય શુભઆરંભ થયો થયો હતો મહીસાગર જિલ્લા ના બ્યુરો ચીફ રમેશ મહેતા અને હર્ષિત મહેતા અને તેમની ટિમ મહીસાગર દ્વારા મહીસાગર જિલ્લા માં આ જિલ્લા ની પ્રથમ ડીઝીટલ ન્યુઝ ચેનલ નો શુભારંભ કર્યો હતો આ પ્રસંગે લુણાવાડા ના ધારાસભ્ય જીગ્નેશ ભાઈ સેવક મહીસાગર નગર પાલિકા ના પ્રમુખ બ્રિનદા શુક્લ અંજુમન ટ્રસ્ટ ના સમીર ભાઈ શેખ સહીત ના આગેવાનો ઉપસ્થિત રહી અરવલ્લી સમાચાર ન્યુઝ ચેનલ નો મહીસાગર જિલ્લા માં ખુબ આગળ વધે અને જાણતા નો અવાજ બને તેવી શુભકામનાઓ પાઠવી હતી આગામી સમય માં અરવલ્લી સમાચાર આણંદ અમદાવાદ અને સાબરકાંઠા જિલ્લા માં પોતાની બ્યુરો ઓફિસ નો શુભારંભ કરવા જય રહી છે

### અરવલ્લીમાં ગ્રામ્યકક્ષાએ જમીન ચકાસણી પ્રયોગશાળા શરૂ કરી શકાશે

ભારત સરકાર દ્વારા સોઈલ હેલ્થ કાર્ડ અને સોઈલ હેલ્થ મેનેજમેન્ટ યોજના Setting up of Village level Soil Testing Labs ઘટક હેઠળ રાજયમાં ૧૦૭ ગ્રામ્ય કક્ષાએ જમીન ચકાસણી પ્રયોગશાળા સ્થાપવા માટેનો લક્ષ્યાંક આપેલ છે, જે પૈકી અરવલ્લી જિલ્લામાં કુલ ૩ પ્રયોગશાળા સ્થાપવા હોઈ વર્ષ-૨૦૨૦-૨૧ની ગાઈડલાઈનમાં ભારત સરકાર દ્વારા ગ્રામ્યકક્ષાએ જમીન ચકાસણી પ્રયોગશાળા સ્થાપવા માટે એગ્રી ક્લીનીક અને એગ્રી બીઝનેશ સેન્ટર (AC & ABC), ખેતી સાહસિકો સેવા નિવૃત વ્યકિતઓ, સેલ્ફ હેલ્પ ગ્રૂપ્સ (SHGS) , ફાર્મર કો-ઓપરેટીવ સોસાયટીઝ, PACS ઈનપુટ રીટેલ આઉટેલ્ટ, ઈનપુટ રીટેલર્સ અને શાળાઓ/ કોલેજોમાં નાણાંકીય સહાય આપવા જોગવાઈ કરેલ છે. ગાઈડલાઈન મુજબ જમીન ચકાસણી પ્રયોગશાળા સહાય આપવા માટેની જોગવાઈ કરેલ છે. ગાઈડલાઈન મુજબ જમીન ચકાસણી પ્રયોગશાળા સ્થાપવાના કુલ ખર્ચ રૂ.૫.૦૦ લાખના ૭૫ ટકા લેખે રૂ. ૩.૭૫ લાખ લાભાર્થીને નાણાકીય સહાય આપવાની જોગવાઈ છે. જ્યારે રૂ.૧.૨૫ લાખ લાભાર્થીએ જાતે ભોગવવાના રહે છે. જે માટેના અરજી ફોર્મ તેમજ અરજી કરવા માટેનું સ્થળ નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ)ની કચેરી, જિલ્લા સેવા સદન-મોડાસા અરવલ્લી હોઈ રસ ધરાવતા વ્યકિતઓ/સંસ્થાને દિન-૧૫માં અરજી કરવા નાયબ ખેતી નિયામક(વિ.) અરવલ્લી-મોડાસાની એક અખબારી યાદી દ્વારા જણાવાયું છે.



### મોડાસા જાયન્ટસે વિશ્વ દિવ્યાંગ દિવસે બાળકોને ધાબળાની હૂંફ

શાળામાં અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકોને શિક્ષણના માધ્યમથી શિક્ષણની મહત્વતા અને સામાન્ય બાળકોની જેમ દિવ્યાંગ બાળકોનો સ્વીકાર થાય, પુનર્વસન થાય તેવા વિચાર સાથે આજે વિશ્વ દિવ્યાંગ દિવસના રોજ સમાજમાં દિવ્યાંગ બાળકો માટે સકારાત્મક વિચાર પ્રસારિત થાય તેવા પ્રયાસ સાથે દિવ્યાંગ બાળકોને પ્રેરાણા હૂફ મળે તેમજ લાગણી મળે તે માટે જાયન્ટસ મોડાસાએ વાલ્મીકિ સમાજના બે બાળકોના ઘરે જઈ શિયાળાની ઠંડીમાં હુફ મળે તે માટે ધાબળા વિતરણ કર્યું. આ પ્રસંગે જાયન્ટસના ઝોન ઉપપ્રમુખ નિલેશભાઈ જોશી, જાયન્ટસ મોડાસા પ્રમુખ નરેન્દ્ર પટેલ, જાયન્ટસ સભ્ય ભગીરથભાઈ તથા દિવ્યાંગો માટે સતત વિચારતા અને કામ કરતાં જીલ્લા કોડીનેટર આઈ.ઈ.ડી. શાખાના અમિતભાઈ કવિ પણ હાજર રહ્યા. જાયન્ટસ મોડાસા સમાજ સેવા માટે કટિબદ્ધ હતું અને રહેવાનુ જ છે એજ સંકલ્પ સાથે દિવ્યાંગોને એક સપ્તાહ સુધી ધબાળા વિતરણ કરશે.

### પ્રાંતિજ ખાતે વિશ્વ વિકલાંગ દિવસે જ દિવ્યાંગો દ્વારા આવેદનપત્ર આપીને રજુઆતો કરાઈ

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વિશ્વ વિકલાંગ દિવસે જ દિવ્યાંગો દ્વારા વિવિધ સભ્યો દ્વારા આજે પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે આવીને પ્રાંતિજ મામલતદાર એચ.પી. ભગોરાને આવેદનપત્ર આપીને દિવ્યાંગો ઓપરેટર, કલાર્ક, લીફટમેન, ઝેરોક્ષ મેન, ટિકિટબારી, આંગણવાડી મદદનીશ વગેરે જેવી જગ્યા પર દિવ્યાંગ વ્યક્તિની



માંગણીઓને લઈને પ્રાંતિજ મામલતદારને આવેદનપત્ર આપ્યું હતુ.

વિશ્વ વિકલાંગ દિવસને લઈને આજે પ્રાંતિજ ખાતે દિવ્યાંગ અધિકાર મંચ ગુજરાત પ્રદેશ દિવ્યાંગોના ઉત્કર્ષ માટેનું સ્વૈચ્છિક સંગઠનના પ્રાંતિજ તાલુકાના પ્રમુખ મંત્રી સહિતના દ્વારા રોજગાર, પેન્શન, સરકારી નોકરી સહિતની વિવિધ માગણીઓને લઈને વિશ્વ વિકલાંગ દિવસે જ દિવ્યાંગો દ્વારા પ્રાંતિજ મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું અને રજુઆતો કરવામાં આવી હતી અને દિવ્યાંગોને ૫૦૦૦ રૂપિયાનું માસિક પેન્શન, કોમ્પ્યુટર ભરતી કરવામાં આવે તથા દિવ્યાંગોને લોન પર મળતી સબસિડી કાયમી ધોરણે અમલવારી કરવી સહિતની માગણીઓ સાથે આજે વિશ્વ વિકલાંગ દિવસે જ દિવ્યાંગો દ્વારા પ્રાંતિજ મામલતદારને આવેદનપત્ર આપીને રજુઆતો કરી હતી.



### બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના જન્મ દિવસ નિમિત્તે ધનસુરામાં કાર્યક્રમ

એશિયાની સૌથી મોટી બનાસ ડેરીના ચેરમેન અને ગુજરાત સરકારના પૂર્વ મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના કોર કમિટીના મેમ્બર શંકરભાઈ ચૌધરીના જન્મ દિવસ નિમિત્તે ધનસુરામાં કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભાજપાના હોદ્દેદારો કાર્યકર્તાની ઉપસ્થિતિમાં ફ્રુટ વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં સાબરકાંઠા જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હેમલત્તાબેન પટેલ, તાલુકા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ અનિલભાઈ પટેલ, નરેન્દ્રભાઈ પટેલ, કૌશિકભાઈ પટેલ, નિશાંતભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

### વળતર ચુકવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવા માટે કામ ચાલી રહ્યુ છે. ત્યારે શહેરના ગ માર્ગ પર હાલ વનતંત્ર દ્વારા વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવી રહ્યુ છે. પરંતુ આ માર્ગના વાઈડનીંગના લીધે રૂટમાં આવતા વૃક્ષોની પણ કટોતી કરવામાં આવશે. જેમાં ગ માર્ગ પર અંદાજિત ૭૨૩ જેટલા વૃક્ષો રૂટમાં આવે છે. આ માર્ગને સિકસેલન બનાવવા માટે આ વૃક્ષોની કટોતી કરવામાં આવશે.

જયારે આ વૃક્ષોની કટોતીને અનુલક્ષીને વનતંત્ર દ્વારા માર્કીંગ કરવામાં આવ્યુ છે. જયારે આગામી દિવસોમાં માર્ગના મેટલ કામના અંતે ડામર કામ પણ શરૂ કરી દેવાશે. ત્યારે ગ માર્ગ પર અંદાજિત ૭૨૩ જેટલા વૃક્ષોની પણ કટોતી કરાશે. જો કે આ વૃક્ષોની કટોતી અન્વયે સ્માર્ટ સીટી અન્વયે કોર્પોરેશન કક્ષાએથી વનતંત્રને અંદાજિત રૂ ૧૬ લાખનુ વળતર પણ ચુકવવામાં આવશે.

## રણાસણ ચોકડી પાસે ટ્રકે હડફેટે લેતા બે ને ઈજા, એકનું મોત

હિંમતનગર તાલુમાના ગાંભોઈથી રણાસણ ચોકડી તરફ અઠવાડીયા અગાઉ જઈ રહેલ એક ટ્રકને બીજી ટ્રકે પાછળથી ટક્કર મારતા બે જણાને ઈજા થઈ હતી. એક જણાનું સારવાર દરમિયાન મોત નિપજ્યુ હતું. ૨૮ નવેમ્બરના રોજ સવારે ગાંભોઈથી રણાસણ ચોકડી તરફ જઈ રહેલ ટ્રક નં.જીજે. ૧૨.વાય.૯૦૪૫ના ચાલકે પોતાના કબ્જાની ટ્રકને બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી આગળ જતી ટ્રક નં.જીજે.૧૨.એ.ઝેડ. ૭૪૫૪ ને ટક્કર મારી હતી. અહીથી ચાલતા જતા પૃથ્વિરાજસિંહ શિવરાજસિંહ પર ટ્રક નં.જીજે. ૧૨. એ.ઝેડ.૪૪૫૪ પડતા બંને જણાને ઈજા થઈ હતી. જ્યા ગંભીર ઈજાને કારણે પૃથ્વિરાજસિંહનું મોત નિપજ્યુ હતું



બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના ૫૦માં જન્મદિવસ નિમિત્તે બનાસડેરીના પાલનપુર વિભાગના ડિરેક્ટર ભરતભાઈ પટેલ દ્વારા બનાસ મેડિકલ કોલેજ મોરિયા ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

### સાબરકાંઠામાં ૧૧ ડીસેમ્બરે ચિત્રસ્પર્ધા યોજાશે

હિંમતનગર, તા.૩

રમતગમત યુવા અને સાસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર તથા લલિતકલા અકાદમી અને રમતગમત કચેરી સાબરકાંઠા ધ્વારા તા.૧૧ ડીસેમ્બરના રોજ પ્લે એટ હોમ વિષય પર જિલ્લાકક્ષાની ચિત્ર સ્પધર્નિું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ૮ થી ૧૩ વર્ષના બાળકો ભાગ લઈ શકશે. તથા તા.૧૯ ડીસેમ્બરના રોજ રાજ્યકક્ષાની ચિત્ર સ્પર્ધા લલિત અકાદમી કલાભવન, એલીસબીઝ અમદાવાદ ખાતે યોજાશે.

કોરોનાને લઈને નિયમોનું પાલન થાય તે માટે તમામ સ્પર્ધકો પોતાની કૃતિઓ તૈયાર કરી તા.૧૧ ડીસેમ્બર સુધીમાં યુવાવિકાસ અધિકારીની કચેરીમાં પહોચાડવાના રહેશે.

### ખેડૂતો અડગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કાયદાઓને ખતમ કરવાની માગ કરી છે. તો બીજી બાજુ કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે બેઠક દરમિયાન નેતાઓને જવાબ આપ્યો છે કે ન્યૂનતમ સમર્થન મુલ્ય એટલે કે એમએસપીને સ્પર્શ નહીં કરાય, એમાં કોઈ બદલાવ નહીં થાય. આ મેરાથોન બેઠક દરમિયાન લંચ બ્રેકમાં ખેડૂત નેતાઓએ સરકારની મહેમાનગતિ મંજૂર કરી નહીં અને પોતાનું ભોજન મંગાવીને જમ્યા. ખેડૂત નેતાઓ માટે ભોજન સિંધુ બૉર્ડરથી સફેદ રંગની એમ્બ્યુલન્સમાં પેક થઈને આવ્યું હતુ.

સિંધુ બૉર્ડર પર લાગેલા લંગરથી ખેડૂતો માટે ભોજન આવ્યું હતુ. ખેડૂત નેતાઓએ પહેલા જ મન બનાવી લીધું હતુ કે સરકારનું ભોજન સ્વીકાર નહીં કરે. ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારના કૃષિ કાયદાઓની વિરુદ્ધ ખેડૂતો છેલ્લા ૮ દિવસથી દિલ્હી બૉર્ડર પર પ્રદર્શન કરી રહ્યા છે. ખેડૂતો કૃષિ કાયદાને પાછો ખેંચવાની વાત કરી રહ્યા છે. તો સરકાર ખેડૂતોને સમજાવવામાં લાગી છે. સરકારના જવાબ બાદ ખેડૂત નેતાઓએ પૂછ્યું કે સરકાર આખરે કેમ ગોળ-ગોળ ફરી રહી છે. સરકાર અને ખેડૂત નેતાઓની બેઠક બપોરે ૧૨ વાગ્યે શરૂ થઈ. ખેડૂતો તરફથી એમએસપી પર પોતાની માંગ રાખવામાં આવી. ખેડૂતોએ પોતાના તરફથી ૧૦ પાનામાં તમામ માંગો અને વાંધાઓ રજૂ કર્યા.આ ૧૦ પાનામાં ૫ મુખ્ય મુદ્દા છે. એપીએમસી એક્ટમાં ૧૭ પોઈન્ટ પર અસહમતિ છે. એસેંશિયલ કમોડિટી એક્ટમાં ૮ પોઈન્ટ પર અસહમતિ છે. આ ઉપરાંત કૉન્ટ્રાક્ટ ફાર્મિંગમાં ૧૨ પોઈન્ટ પર અસહમતિ છે.

### વેક્સિન મળી જશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યો છે તેના આધારે કહી શકાય કે વેક્સિન સુરક્ષિત અને અસરકારક છે. વેક્સિનની સુરક્ષા અને અસરકારકતા સાથે કોઈ સમાધાન નહીં થાય. ૭૦થી ૮૦ હજાર વોલન્ટિયર્સને વેક્સિન લગાવવામાં આવી છે. અત્યાર સુધી કોઈ ગંભીર આડઅસર સામે આવી નથી. ડેટા પ્રમાણે શોર્ટ ટર્મ વેક્સિન સુરક્ષિત છે.

દરમિયાનમાં કોરોનાની વેક્સિન માટે દુનિયાભરના વૈજ્ઞાનિકો કામ કરી રહ્યા છે. હાલમાં જ યુ.કે ફાઈઝર-બાયોએનટેકની કોવિડ-૧૯ વેક્સિનના ઈમરજન્સી ઉપયોગને મંજૂરી આપનારો પહેલો દેશ બન્યો છે. ત્યારે અમેરિકન વેક્સિન કંપની ભારતમાં પણ પોતાની વેક્સિન ઉતારવા ઈચ્છે છે. જોકે એક્સપર્ટ્સ મુજબ, વેક્સિનને -૭૦ ડિગ્રીએ રાખવી પડતી હોઈ તેનો સ્ટોરેજ એક મોટો પડકાર બનશે.

ફાઈઝરના પ્રવક્તા રોમા નાયરે કહ્યું,- અમે ભારત સરકાર સાથે વાતચીત કરવા માટે પ્રતિબદ્ધ છીએ. અમે દુનિયાભરની સરકાર સાથે દરેક દેશમાં જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર મામલે કાર્યરત છીએ અને અમારા વેક્સિનના લોજિસ્ટકલ પ્લાન પણ છે. અમને વિશ્વાસ છે કે ભારતમાં પણ તે પ્લાન રજૂ થઈ શકશે.

યુ.કે, અમેરિકા તથા યુરોપિયન યુનિયનના ઘણા દેશોએ પહેલાથી જ વેક્સિનના મિલિયન ડોઝના ઓર્ડર આપી દીધા છે. અમેરિકાએ ૧૦૦ મિલિયન ડોઝના પ્રી-ઓર્ડર આપેલા છે, ઈયુએ પણ ૨૦૦ મિલિયન ડોઝના પ્રી-ઓર્ડર આપેલા છે અને વધુમાં ૧૦૦ મિલિયન ડોઝના પણ ઓપ્શન છે. જ્યારે યુ.કેએ ૪૦ મિલિયન ડોઝના પ્રી-ઓર્ડર આપેલા છે.

જોકે ભારતે જ ફાઈઝરના પ્રી-ઓર્ડર માટે હજુ સુધી કોઈ એગ્રીમેન્ટ કર્યા નથી. આ વેક્સિનની કિંમત અંદાજિત ૪૦થી ૫૦ ડોલર (રૂ. ૨૯૫૦-૩૭૦૦) વચ્ચે હોઈ શકે છે જે વિકસતા દેશો માટે અફોર્ડેબલ નહી હોઈ શકે.

આઈસીએમઆરના પૂર્વ જનરલ ડિરેકટર એન.કે ગાંગુલીએ કહ્યું, તેમનું ૨૦૨૧ સુધીનું તમામ

પ્રોડક્શન ધનિક દેશો માટે બૂક થઈ ગયું છે. ભારતે વેક્સિનને બુક કે અલ્ટ્રા- કોલ્ડ સ્ટોરેજ અને ડિસ્ટ્રીબ્યુશન માટે કોઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કર્યો નથી. આ કિંમત પણ ભારતને પરવડે તેવી નથી.

ફાઈઝરના ઓફિશિયલે જણાવ્યું કે, કંપની જરૂરિયાત ધરાવતી કંપનીઓને ડોઝ પહોંચાડવા ગવી સાથે સંપર્કમાં હતી. અમારી પાસે ટેમ્પરેચર કન્ટ્રોલ શીપર્સ છે જે સ્ટોરેજની સ્થિતિમાં ડ્રાય આઈસથી તાપમાન ૧૦ દિવસ સુધી મેનેજ કરી શકે છે.

ઉલ્લેખનીય છે કે દુનિયાભરના દેશો હાલમાં કોરોનાની વેક્સિનની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. જેથી પોતાના દેશના નાગરિકોને બીમારીથી બચાવી શકે. એવામાં ફાઈઝરની વેકસીને એક આશા જગાવી છે. ત્યારે ભારતમાં પણ હાલમાં કોવિશિલ્ડ, કોવેક્સિન તથા ઝાયકોવ-ડી વેક્સિન પર ઝડપથી કામ ચાલી રહ્યું છે.

### સુપ્રીમની રોક

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્થિતિમાં રાજ્ય સરકારના નિયમ મુજબ, માસ્ક પહેર્યા વિના પકડાતા વ્યક્તિને ૧૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવે છે. અમદાવાદ જેવા શહેરમાં માસ્ક વિના પકડાતી વ્યક્તિઓના કોરોના ટેસ્ટ પણ કરવામાં આવે છે અને જો તેઓ પોઝિટિવ નીકળે તો તેમને ત્યાંથી જ હોસ્પિટલમાં લઈ જવાય છે.

એવામાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા સરકારને આવા લોકોને વધુ કડક સજા આપવા માટે નિર્દેશ કર્યા હતા. જે મુજબ, મહામારીમાં પણ બેદરકાર બનીને માસ્ક વિના ફરતા લોકોને કોવિડ કેર સેન્ટરમાં જ અમુક દિવસ સુધી રોજ સેવા આપવાની સજા કરવામાં આવે.

### ભાંગને

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. જોકે યૂએનના કાયદા પ્રમાણે ભાંગને હજુ પણ નોન મેડિકલ ઉપયોગ માટે એક પ્રતિબંધિત ડ્રગ્સ જ માનવામાં આવી છે. પ્રતિબંધિત માદક પદાર્થોની યાદીથી નીકાળવા માટે સંયુક્ત રાષ્ટ્રએ મતદાન કરાવ્યું હતુ. આ મતદાનના પક્ષમાં ૨૭ દેશોએ તો ૨૫ સભ્ય દેશોએ આની વિરુદ્ધમાં મતદાન કર્યું. આ ઐતિહાસિક વોટિંગ દરમિયાન અમેરિકા અને બ્રિટને બદલાવના પક્ષમાં મતદાન કર્યું. તો ભારત, પાકિસ્તાન, નાઈઝીરિયા અને રશિયાએ બદલાવનો વિરોધ કર્યો.

યૂએનના આ નિર્ણય બાદ ભાંગથી બનેલી દવાઓના ઉપયોગમાં વધારો જોવા મળી શકે છે. આ ઉપરાંત ભાંગને લઈને સાયન્ટિફિક રિસર્ચમાં પણ ઘણો જ વધારો જોવા મળી શકે છે. યૂએનના આ નિર્ણય બાદ માનવામાં આવી રહ્યું છે કે અનેક દેશો પણ ભાંગ અને ગાંજાના ઉપયોગને લઈને પોતાની પોલિસીમાં બદલાવ લાવી શકે છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી ભાંગ અને ગાંજાના મેડિકલ ફાયદાને લઈને ચર્ચા ઘણી તેજ થઈ છે.

અત્યારે ૫૦થી વધારે દેશોએ ભાંગની મેડિકલ વેલ્યૂને સમજતા કોઈને કોઈ રીતે કાયદેસર કરી છે. કેનેડા, ઉરૂગ્વે અને અમેરિકાના ૧૫ રાજ્યોમાં આના રિક્રિએશનલ અને મેડિકલ ઉપયોગને કાયદેસર કરવામાં આવી છે. તો અનેક રિપોર્ટ્સમાં એ પણ સામે આવ્યું છે કે ભારતમાં ગેર-કાયદેસર રીતે ગાંજાની દિલ્હી અને મુંબઈ જેવા શહેરોમાં માંગ રહે છે. જોકે આ હજુ પણ દેશમાં પ્રતિબંધિત છે.